# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 06-01-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

****************************************************

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આંધ્રપ્રદેશના વિશાખ રિફાઇનરીમાં HPCLની રેસિડ્યુ અપગ્રેડેશન સુવિધાના સફળ કમિશનિંગની પ્રશંસા કરી.
2. મદ્રાસ હાઈકોર્ટની મદુરાઈ ડિવિઝન બેન્ચે તિરુપરંકુન્દ્રમ ટેકરી પર દીવો પ્રગટાવવાની મંજૂરી આપતા સિંગલ જજના આદેશને યોગ્ય ઠરવ્યો.
3. CBSEએ પરીક્ષા સંબંધિત તણાવને દૂર કરવા વિદ્યાર્થીઓ માટે મનો-સામાજિક કાઉન્સેલિંગ સપોર્ટ શરૂ કર્યો.
4. વેનેઝુએલાના રાષ્ટ્રપતિ માદુરોની અમેરિકા દ્વારા કરાયેલી ધરપકડને અનેક દેશોએ અયોગ્ય ગણાવીને ટિકા કરી.
5. વૈશ્વિક બજારોમાં અનિશ્ચિતતાના પગલે ભારતીય શેરબજારમાં કડાકો.

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# PM- HPCL RESIDUE FACILITY

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આંધ્રપ્રદેશના વિશાખ રિફાઇનરીમાં હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડની રેસિડ્યુ અપગ્રેડેશન સુવિધાના સફળ કમિશનિંગની પ્રશંસા કરી છે.

પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રી હરદીપ સિંહ પુરીની સોશિયલ મીડિયા પોસ્ટ શેર કરતા પ્રધાનમંત્રીએ કહ્યું કે , આ અત્યાધુનિક સુવિધા આત્મનિર્ભર ભારતના વિઝન સાથે સંરેખિત થઈને ઊર્જા સ્વતંત્રતાને વધારવાના રાષ્ટ્રના પ્રયાસોને વેગ આપે છે.

તેમણે કહ્યું કે , તે ઊર્જા સુરક્ષા અને આત્મનિર્ભરતા તરફ ભારતની સફરમાં એક નિર્ણાયક છલાંગ છે.

. .

# MADRAS HIGH COURT-DEEPATHOON

મદ્રાસ હાઈકોર્ટની મદુરાઈ ડિવિઝન બેન્ચે આજે તિરુપરંકુન્દ્રમ ટેકરી પર દીપથૂન તરીકે દાવો કરાયેલ દીવો પ્રગટાવવાની મંજૂરી આપતા સિંગલ જજના આદેશને માન્ય રાખ્યો હતો.

જસ્ટિસ જી. જયચંદ્રન અને કેકે રામકૃષ્ણનની ડિવિઝન બેન્ચે ચુકાદો આપતા સ્પષ્ટ કર્યું કે દીપથૂન જે સ્થળે સ્થિત છે તે સ્થાન ભગવાન સુબ્રમણ્યમ સ્વામી મંદિરનું છે. બેન્ચે કહ્યું કે , ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ સાથે પરામર્શ કરીને દીવો પ્રગટાવી શકાય છે અને પરવાનગી આપવામાં આવેલા વ્યક્તિઓની સંખ્યા નક્કી કરી શકાય છે.

હિન્દુ મુન્નાનીના વકીલ અને અરજદાર નિરંજન એસ કુમારે જણાવ્યું હતું કે , ડિવિઝન બેન્ચે કહ્યું છે કે દીવો પ્રગટાવવો ફરજિયાત છે , અને તે તિરુપરંકુન્દ્રમ ટેકરીની ટોચ પર પ્રગટાવવો જોઈએ.અરજદાર રાજેશે પણ કોર્ટના આદેશની પ્રશંસા કરી હતી કે દીવો દીપથૂન પર પ્રગટાવવો જોઈએ અને મંદિર વહીવટીતંત્રે તેના માટે જરૂરી વ્યવસ્થા કરવી જોઈએ.

. . . . .

# DELHI--RBI-MOU

દિલ્હી સરકારે, રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા સાથે સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા છે.

આનાથી રાષ્ટ્રીય રાજધાની પ્રથમ વખત RBIના સંપૂર્ણ બેંકિંગ , રોકડ વ્યવસ્થાપન અને ક્રેડિટ માળખા હેઠળ આવશે. એક નિવેદનમાં , દિલ્હીના મુખ્યમંત્રી કાર્યાલયે જણાવ્યું કે આ કરાર RBIને દિલ્હી સરકારના બેંકર , દેવા વ્યવસ્થાપક અને નાણાકીય એજન્ટ તરીકે કાર્ય કરવા સક્ષમ બનાવશે.

આ કરાર , રાજ્ય વિકાસ લોન દ્વારા બજાર ઉધાર , સરપ્લસ ભંડોળનું સ્વચાલિત રોકાણ, વ્યાવસાયિક રોકડ વ્યવસ્થાપન અને ઓછી કિંમતની તરલતા સુવિધાઓની પહોંચને સરળ બનાવશે.

મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ આ પગલાંને લાંબા સમયથી જરૂરી સુધારા તરીકે વર્ણવ્યું અને કહ્યું આ કરાર દિલ્હીના નાણાકીય શાસનમાં એક પરિવર્તનશીલ સીમાચિહ્નરૂપ બનશે.

. . . . .

# ECI-WB-DGP

ભારતીય ચૂંટણી પંચે એ પશ્ચિમ બંગાળના પોલીસ મહાનિર્દેશક રાજીવ કુમારને ગયા મહિનાની 30મી તારીખે મતદાન નિરીક્ષક સી. મુરુગન પર થયેલા કથિત હુમલા અંગે આજે સાંજે 5 વાગ્યા સુધીમાં વિગતવાર કાર્યવાહી અહેવાલ રજૂ કરવા નિર્દેશ આપ્યો છે.

દક્ષિણ 24 પરગણા જિલ્લા માટે મતદાર યાદી નિરીક્ષક તરીકે સેવા આપતા શ્રી મુરુગન મતદાર યાદીના ખાસ સઘન સુધારણાનું નિરીક્ષણ કરવા માટે ક્ષેત્રીય મુલાકાત પર હતા તે દરમિયાન તેમના ઉપર કથિત હુમલાની ઘટના ઘટી હતી.

મુલાકાત દરમિયાન, તેમના વાહનને નુકસાન થયું હતું, અને તેમને મગરહાટ ખાતે વિરોધનો સામનો કરવો પડ્યો હતો.

. . . . . . . .

# CBSE - PSYCHO COUNSELING

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન ( CBSE) એ આજે પરીક્ષા સંબંધિત તણાવને દૂર કરવા માટે વિદ્યાર્થીઓ માટે મનો-સામાજિક કાઉન્સેલિંગ સપોર્ટ શરૂ કર્યો છે. ધોરણ 10 અને 12ના પરીક્ષાર્થીઓ માટે નિઃશુલ્ક મનો-સામાજિક કાઉન્સેલિંગ સેવાઓનો પ્રથમ તબક્કો આ વર્ષે 1 જૂન સુધી ચાલશે.

આ પહેલનો ઉદ્દેશ્ય પરીક્ષા સંબંધિત તણાવ ઘટાડવાનો અને ભાવનાત્મક વધારવાનો છે , જેથી વિદ્યાર્થીઓ 17 ફેબ્રુઆરીથી શરૂ થનારી તેમની આગામી પરીક્ષાઓ આત્મવિશ્વાસ, સંતુલન અને માનસિક સ્પષ્ટતા સાથે પૂર્ણ કરી શકે.

વિદ્યાર્થીઓ ટોલ ફ્રી નંબર 1800118004 પર ડાયલ કરી શકે છે અને ઇન્ટરેક્ટિવ વોઇસ રિસ્પોન્સ સિસ્ટમ દ્વારા હિન્દી અને અંગ્રેજીમાં ચોવીસ કલાક સપોર્ટ મેળવી શકે છે.

(વોઈસ કાસ્ટ - અકરશીતા)

. . . .

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.**

**(ગોન્ગ મ્યુઝિક)**

...

# UNSC-US DEFENCE

વેનેઝુએલાના નેતા નિકોલસ માદુરોને પકડવા બદલ સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં સાથી દેશો અને વિરોધી દેશો તરફથી ટીકાનો સામનો કરી રહેલા અમેરિકાએ તેને યુદ્ધ નહીં પણ કાયદા અમલીકરણ કાર્યવાહી તરીકે ગણાવીને તેનો બચાવ કર્યો છે.

અમેરિકાના કાયમી પ્રતિનિધિ માઇક વોલ્ઝે જણાવ્યું હતું કે , અમેરિકા એ એક નશીલા પદાર્થોના તસ્કરની ધરપકડ કરી છે, જેની સામે કાયદાના શાસન અનુસાર કેસ ચલાવવા જઈ રહ્યો છે.

ગઈકાલે સંયુક્ત રાષ્ટ્ર પરિષદની કટોકટીની બેઠકમાં , ફ્રાન્સ અને બ્રિટન , કાઉન્સિલમાં કાયમી સભ્યપદ ધરાવતા અમેરિકાના સાથી દેશોએ આંતરરાષ્ટ્રીય કાયદાના દૃષ્ટિકોણથી અમેરિકાની ટીકા કરી હતી.અન્ય બે કાયમી સભ્યો , ચીન અને રશિયાએ, અમેરિકા પર પ્રહાર કરી , માદુરોની તાત્કાલિક મુક્તિની માંગ કરી હતી.

આર્જેન્ટિનાએ અમેરિકાની કાર્યવાહીને નિર્ણાયક ગણાવી.

.

# RODRIGUEZ-INTERIM PRESIDENT

વેનેઝુએલાના વચગાળાના રાષ્ટ્રપતિ તરીકે ડેલ્સી રોડ્રિગુઝે ગઈકાલે શપથ લીધા હતા. રોડ્રિગુઝ **2018** થી નિકોલસ માદુરોની સરકારમાં ઉપરાષ્ટ્રપતિ તરીકે નિયુક્ત હતા.

તેઓએ વેનેઝુએલાના તેલ-આધારિત અર્થતંત્ર અને તેની ગુપ્તચર સેવાનું મોટાભાગનું નિરીક્ષણ કર્યું હતું. **2014** થી **2017** ની વચ્ચે, તેમણે દેશના વિદેશ મંત્રી તરીકે સેવા આપી હતી.

. . . .

# US GREENLAND

ગ્રીનલેન્ડના પ્રધાનમંત્રી જેન્સ-ફ્રેડરિક નીલ્સને તેમના દેશ પર અમેરિકાના કબજાની આશંકાને ફગાવી દીધી છે. ટ્રમ્પે ગ્રીનલેન્ડમાં રસ દર્શાવ્યા બાદ નીલ્સનની આ ટિપ્પણી આવી હતી.

અગાઉ, ટ્રમ્પે ગ્રીનલેન્ડને અમેરિકી સંરક્ષણ માટે વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ ગણાવ્યું હતું. ડેનમાર્ક અને તેના યુરોપિયન સાથીઓએ પણ ગ્રીનલેન્ડના સાર્વભૌમત્વને ટેકો આપ્યો છે. ગ્રીનલેન્ડ ડેનમાર્ક રાજ્યની અંદર એક સ્વાયત્ત પ્રદેશ છે.

ગ્રીનલેન્ડની રાજધાની નુયુકમાં એક પત્રકાર પરિષદમાં શ્રી નીલ્સને કહ્યું કે , અમેરિકા ગ્રીનલેન્ડની તુલના વેનેઝુએલા સાથે કરી શકતું નથી . કારણ કે, તે એક લોકશાહી દેશ છે.

. . . . .

# SHARE MARKET

વૈશ્વિક બજારોમાં અનિશ્ચિતતાના પગલે ભારતીય શેરબજારમાં આજે સેન્સેક્સમાં ચારસો  અને નિફ્ટીમાં 90 કરતા વધુ પોઇન્ટ સુધીનો કડાકો થયો હતો. શેરબજાર સવારે ઘટાડા સાથે ખુલ્યુ હતું અને આ ઘટાડો અત્યારે પણ યથાવત રહ્યો હતો.

એચડીએફસી બેંક   અને રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝના શેરોમાં ભારે વેચવાલીના પગલે આ ઘટાડો જોવા મળી રહ્યો છે.

. . . . .

# TRAIN DELAY

દેશના અનેક ભાગોમાં ગાઢ ધુમ્મસના કારણે ટ્રેન સેવાઓ ખોરવાઈ ગઈ છે , જેના કારણે અનેક ટ્રેનોની અવરજવર પર અસર પડી છે.

ભારતીય રેલ્વેના જણાવ્યા અનુસાર , ઓછી દૃશ્યતાને કારણે દિલ્હી જતી **70** થી વધુ ટ્રેનો મોડી દોડી રહી છે. મુસાફરોને અસુવિધા અને વિલંબ ટાળવા માટે સ્ટેશન પર પહોંચતા પહેલા તેમની ટ્રેનોની નવીનતમ સ્થિતિ તપાસવાની સલાહ આપવામાં આવી છે.

. . . . . .

# DELHI-FIRE

દિલ્હીના આદર્શ નગરમાં **DMRC** ક્વાર્ટર્સમાં એક બિલ્ડિંગમાં લાગેલી આગમાં એક દંપતી અને તેમની દસ વર્ષની પુત્રીના મોત થયા હોવાના અહેવાલ છે.

અગ્નિશમન દળના જણાવ્યા પ્રમાણે સવારે પોણા ત્રણ વાગે બિલ્ડિંગના પાંચમા માળે આગ લાગવાની ઘટના અંગે તેમને ફોન આવ્યો હતો. જે અંતર્ગત પાંચ ફાયર ટેન્ડરો દ્વારા  આગ પર કાબુ મેળવાયો હતો.

. . . . . . .

# SURESH KALMADI-DIED

ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી સુરેશ કલમાડીનું આજે 82 વર્ષની વયે પુણેમાં અવસાન થયું. તેમણે ભારતીય ઓલિમ્પિક એસોસિએશનના પ્રમુખ તરીકે સેવા આપી હતી.

ભૂતપૂર્વ પ્રધાનમંત્રી પી.વી. નરસિંહ રાવના કાર્યકાળ દરમિયાન, તેમણે રેલ્વે રાજ્યમંત્રીનું પદ સંભાળ્યું હતું. લાંબી રાજકીય કારકિર્દી દરમિયાન તેમણે અનેક મુખ્ય હોદ્દાઓ સંભાળ્યા હતા.

. . . . . .

# JAPAN EARTHQUAKE

જાપાનમાં આજે શિમાને પ્રીફેક્ચરમાં 6.2 ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો . જેનું કેન્દ્રબિંદુ જમીનથી લગભગ 10 કિલોમીટર ઊંડાઈએ નોંધાયું હતું.

જો કે સુનામીનો કોઈ ભય નથી અને ભૂકંપથી કોઈ ઈજા કે નુકસાન થયું નથી. ન્યુક્લિયર રેગ્યુલેશન ઓથોરિટીએ જણાવ્યું હતું કે શિમામે પરમાણુ પાવર પ્લાન્ટ અને આ પ્રદેશમાં સંબંધિત સુવિધામાં કોઈ અસામાન્યતા જોવા મળી નથી.

ઉલ્લેખનીય છે કે જાપાન વિશ્વના સૌથી વધુ ભૂકંપ-સંભવિત વિસ્તારોમાંનો એક છે.

. . . . . .